# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-અમરેલી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં 107 થી 111 પી.ન. 365601
ફોન અને ફેક્સ નં.(02792) 222936
e-mail: amrelideo@gmail.com
website: www.deoamreli.com,www.deoamreli.gov.in


ક્રમાક/NSS/18-19 તા. 7/9/18

પરીપત્ર - ૧૭૫

પ્રતિ
આચાર્યશ્રી
આ જિલ્લાની NSS યુનિટ ધરાવતી તમામ શાળાઓ
જિ.અમરેલી

વિષયઃ- રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી 2018-19 તા. 22 થી 24 સપ્ટેમ્બર 2018
સંદર્ભઃ- ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક
રસય/11/+2કક્ષા/NSS.ડે/2018/2645-2715 તા. 6/9/2018

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષે આગામી તા. 22 થી 24મી સપ્ટેમ્બર 2018 ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દિવસ ની ઉજવણી ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે સંદર્ભિત પત્રથી જણાવેલ છે.

ઉજવણીના કાર્યક્રમમાં હાજર રહેવા માટે તા. 21/9/2018 ના રોજ સાંજે 9.30 કલાક સુધીમાં હાજર થઈ નોંધણી કરાવી લેવાની રહેશે, જેથી રહેવા અંગે રૂમની ફાળવણી તેમજ જમવાની વ્યવસ્થા કરવામાં અનુકુળતા રહે ભાગ લેનાર ટુકડીઓ પોતાની સંમતિ અને સ્વયંસેવકોની યાદીની બે નકલ અત્રેની કચેરીને તા. 13/9/18 સુધીમાં મોકલી આપવાની રહેશે.

આ ઉજવણી સમારોહ દરમ્યાન કેટલાક સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં દરેક સ્પર્ધામાં શ્રેષ્ઠ વિજેતાઓને ક્રમ 1 થી 3 આપવામાં આવશે.

વિવિધ સ્પર્ધાઓ માટે સમય, સ્થળ, વિષયવસ્તુ તથા જરૂરી સુચનાઓ સ્થળ ઉપર આપવામાં આવશે ક્યા સ્વયંસેવકો કઈ કઈ સ્પર્ધામાં ભાગ લેશે તેની પુરી વિગત અચુક પણે જણાવવી જેથી આયોજનમાં સરળતા રહ. દરેક સ્પર્ધામાં ટીમ દીઠ એક એક એન્ટ્રી જ સ્વીકારવામાં આવશે.

આ ઉજવણી માટે આવવા/જવાનો પ્રવાસ ખર્ચ એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃતિ માટે આપને સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

નોંધઃ- સમયમર્યાદા બાદ આવેલ યાદી સ્વીકારવામાં આવશે નહી. જેની નોધ લેશો

<u>કાર્યક્રમનું સ્થળઃ</u>- ગુજરાત યુનિવર્સિટી , સેનેટ હોલ, નવરંગપુરા, અમદાવાદ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

Scanned by CamScanner

ભાગ લેનાર સંસ્થાએ પોતાનો બેનર,લાકડી,બેઇઝ,સ્કાર્ફ અને ગણવેશ સાથે આવવાનું રહેશે.

ભાઇઓ:- ગણવેશ:- સફેદ શર્ટ,પેન્ટ,સ્કાર્ફ,બેઇઝ,કેપ

બહેનો:- ગણવેશ:- સફેદ સલવાર,કમીઝ,બ્લેક દુપટ્ટો,સ્કાર્ફ,બેઇઝ ,કેપ.

| | | | |
|---|---|---|---|
| ૧ | નિબંધ સ્પર્ધા | | વિષય:<br>૧ સ્વચ્છ ભારત –સ્વસ્થ ભારત<br>૨. ગુણવત્તા યુકત શિક્ષણ અને વર્તમાન સમયની આવશ્યકતા<br>૩મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ ૪.મહાત્મા ગાંધી અને અંત્યોદય. |
| | | નિયમો:- | 1. સ્પર્ધાનો સમય એક કલાકનો રહેશે.<br>2. નિબંધ સ્પર્ધાના સ્પર્ધાના સ્થળ પર લખવાનો રહેશે.<br>3 લેખન સામગ્રી સ્પર્ધકોએ લાવવાની રહેશે. |
| ૨ | વકતૃત્વ સ્પર્ધા | | વિષય:<br>૧.મારો મત-મારો અધિકાર<br>૨."એક ભારત શ્રેષ્ઠ ભારત"<br>૩.સર્વ ધર્મ સમભાવ<br>૪.સામાજીક સમરસતા |
| | | નિયમો:- | 1.સ્પર્ધાનો સમય સાત મિનીટનો રહેશે.પાંચ મિનીટ પછી વોર્નીંગ બેલ મારવામાં આવશે.2.ગુજરાતી અને હિન્દી ભાષામાં વકતવ્ય આપી શકાશે |
| ૩ | સોલો સોંન્ગ | નિયમો:- | 1.ગીતની સમય મર્યાદા પાંચ મિનીટની રહેશે.<br>2.સંગીતના સાધનોની જરૂર હોય તો વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.3.ફિલ્મી ગાનગ્રાહ્ય રાખી શકાશે નહિ |
| ૪ | સમૂહ ગાન સ્પર્ધા | નિયમો:- | 1 ઓછામાં ઓછા ચાર સ્પર્ધકે અને વધુમાં વધુ આઠ આવશ્યક ગણાશે.<br>2.વાજિંત્રોની વ્યવસ્થા દરેક ટીમે પોતાની રીતે કરવાની રહેશે.<br>3 સમૂહ ગીતની સમય મર્યાદા ૫ થી ૭ મિનીટની રહેશે. |
| ૫ | એક પાત્રિય અભિનય સ્પર્ધા:- | નિયમો:- | 1.સ્પર્ધાનો સમય વધુમાં વધુ પાંચ મિનીટનો રહેશે.<br>2.ટેપ રેકોર્ડરનો ઉપયોગ થઇ શકશે નહિ.<br>3 સ્ટેજ અસ્વચ્છ થાય તેવી વસ્તુઓનો ઉપયોગ કાવો નહી. |
| ૬ | સમૂહ નૃત્ય | નિયમો:- | 1. સ્પર્ધાનો સમય વધુમાં વધુ પાંચ મિનીટનો રહેશે.<br>2.ઓછામાં ઓછા ચાર સ્પર્ધકો આવશ્યક ગણાશે.3 ફિલ્મી નૃત્યો સ્વીકાર્ય નથી<br>4 ફિલ્મી ગાન ગ્રાહ્ય રાખી શકાશે |
| ૭ | સ્લોગન રાઇટીંગ સ્પર્ધા | : | વિષય:<br>૧ સ્વચ્છતા ૨.પર્યાવરણ ૩.બેટી બચાવો ૪.મતદાન |
| | | નિયમો:- | 1.સ્લોગન તૈયાર કરી એડવાન્સમાં મોકલી આપવા અથવા તા.૨૧/૯/૨૦૧૮ના રોજ સવારે ૧0.00 સુધી જમા કરાવાના રહેશે. |
| ૮ | પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા | | વિષય:<br>૧ ગુજરાતની સંસ્કૃતિ ૨.શિક્ષણ થકી કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલોપમેન્ટ) ૩.ગુજરાતની જૈવિક( બાયોડાયલ સિટી) વિવિધતા |
| | | નિયમો:- | 1.C.D તૈયાર કરીને લાવવી અને એક C.D જમા કરાવવી |



Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| ૯ | સ્કીટ સ્પર્ધા | નિયમોઃ- | ૧.સ્પર્ધાનો સમય પાંચ મિનીટ રહેશે.<br>૨ સ્પર્ધામાં વધુમાં વધુ ૬ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.<br>૩.અસભ્ય ભાષાનો ઉપયોગ કરવો નહી |
| ૧૦ | રંગોલી સ્પર્ધા | નિયમોઃ | 1 જરૂરી કલર તથા અન્ય ઉપયોગી વસ્તુઓ સાથે લઇને આવવાનું રહેશે... |
| ૧૧ | પોસ્ટર પેન્ટીંગ સ્પર્ધા | | વિષયઃ<br>૧ HIV/AIDS ૨.પર્યાવરણ ૩.સદભાવના |
| | | નિયમોઃ | 1.જરૂરી કલર તથા અન્ય ઉપયોગી વસ્તુઓ સાથે લઇને આવવાનું રહેશે. |
| ૧૨ | ગરબા હરીફાઇ | નિયમોઃ | 1.વધુમાં વધુ ૧૦ મિનીટનો સમય રહેશે.<br>2 ગરબાની CD. સાથે લઇને આવવુ. |
| ૧૩ | કાવ્ય પઠન સ્પર્ધા | નિયમો | 1 કાવ્ય 'સ્વ'રચિત હોવુ જોઇએ<br>2.કાવ્યની એક આગલા દિવસે જમા કરાવવાની રહેશે |
| ૧૪ | શોર્ટ ફિલ્મ સ્પર્ધા | નિયમો | વિષયઃ- મહાત્મા ગાંધીના જીવન સાથે જોડાયેલા સ્થળો<br>1. સમય પાંચ મિનીટનો રહેશે.<br>2.સ્પર્ધાના આગલા દિવસે ફિલ્મની CD જમા કરાવવી<br>3.ફિલ્મી સ્વ સર્જન છે તેનું સર્ટિફિકેટ આપવું ફરજીયાત છે. |
| ૧૫ | શોર્ટ સ્ટોરી હરીફાઇ | નિયમો | 1.એક યુનિવર્સિટીમાંથી ત્રણ એન્ટ્રી સ્વીકારવામાં આવશે<br>૨.સ્ટોરીની લેખન કોપી સ્પર્ધાના આગલા દિવસે જમા કરાવવી |
| ૧૬ | ઇસ્ટ્રુલમેન્ટ(વાજીંત્ર) મ્યુજીકસ્પર્ધા (વાધ્યસંગીત હરીફાઇ)) | નિયમો | 1.સ્પર્ધાનો સમય ચાર મિનીટનો રહેશે<br>.2.વાજીંત્રોની વ્યવસ્થા દરેક ટીમે પોતાની રીતે કરવાની રહેશે. |
| | | | પોગ્રામ ઓફિસરો માટે |
| ૧૭ | My Unit & Adopted Village | નિયમો | 1.વધુમા વધુ ૧૫ સ્લાઇડ રજુ કરી શકાશે.<br>2 દરેક યુનિવર્સિટીમાંથી વધુમાં વધુ ૧૦ એન્ટ્રી અને દરેક જિલ્લામાંથી ૦૫ એન્ટ્રી સ્વીકારવામાં આવશે. |

ખાસ નોંધઃ-

- તમામ સ્પર્ધા માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.તેમાં કોઇ વિવાદ કરી શકાશે નહી.
- સ્પર્ધાઓ યુનિવર્સિટી તથા +2 ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ એક જ વિભાગમાં થશે.
- દરેક વિદ્યાર્થીઓએ શિસ્તનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮ રોજ બપોરના ૨.30 વાગ્યાબાદ સ્વયંસેવકો વિદાય લઇ શકશે.
- સ્પર્ધા અંગેના વિગતવાર નિયમો સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.
- એક કોલેજના બે સ્વયંસેવકોએ જ આવવાનું રહેશે



Scanned by CamScanner

**સંખ્યા ફાળવણી:-**

**કાર્યક્રમોમાં ભાગ લેવા માટે નીચે જણાવેલ સંખ્યામાં સ્પર્ધકોને લાવવાના રહેશે.**

- ૧૦૦૦ સુધી કે તેના કરતા ઓછી સ્વયંસેવક સંખ્યા ધરાવતી યુનિવર્સિટીઓ-૧૦+૧ ટીમ મેનેજર
- ૧૦૦૧ થી ૫૦૦૦ ની સ્વયંસેવક સંખ્યા ધરાવતી યુનિવર્સિટીઓ-૧૨+૧ ટીમ મેનેજર
- ૫૦૦૦ થી ઉપરની સ્વયંસેવક સંખ્યા ધરાવતી યુનિવર્સિટીઓ-૧૫+૧ ટીમ મેનેજર
- ૧૦,૦૦૦ ઉપરની સ્વયંસેવક સંખ્યા ધરાવતી યુનિવર્સિટીઓ-૨૫+૧ ટીમ મેનેજર
- +૨ કક્ષાએ (ઉચ્ચત્તર માધ્યમિક) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેમના જિલ્લાની એન.એસ.એસ.યુનિટ ચલાવતી શાળાઓમાંથી એક જિલ્લા માંથી વધુમાં વધુ ૧૦ સ્પર્ધકો+૧ ટીમ મેનેજર મોકલાવાના રહેશે.

**સંપર્ક સુત્ર:-**


- ડો..નટુભાઇ વર્માપોગ્રામ કો-ઓર્ડિનેટર, ગુજરાત યુનિવર્સિટી,નવરંગપુરા,અમદાવાદ nssgujaratuniversity@gmail.com મોબાઇલ નં.૯૪૨૬૮ ૯૪૮૫૩


Scanned by CamScanner